# ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિ

"રાજીવ ગાંધી ભવન" સંસ્કાર કેન્દ્ર માર્ગ, વી.એસ. હોસ્પિટલ પાસે, એલીસબ્રીજ, અમદાવાદ – ૩૮૦૦૦૬

ફોન : ૦૭૯-૨૬૫૭૮૨૧૨-૨૧૩, ૨૬૫૭૮૧૬૧, ૨૬૫૭૮૩૧૧ ફેક્સ : ૦૭૯-૨૬૫૭૯૫૮૯

**Web : www.incgujarat.com** **E-mail : gpcc1234@gmail.com**

તા.૧૦.૧૦.૨૦૨૩

**મહોદયશ્રી,**
**નમસ્કાર**

**ગુજરાતના ખેડૂતો બીટી કપાસના બિયારણના વેપારીઓથી પરેશાન છે,છેલ્લા ૨૦ વર્ષ ખૂબ મોટા પ્રમાણમાં નકલી-હલકા અને અનઅધિકૃત એવા બિયારણોનો ખેડૂતો ભોગ બને છે અને કરોડોનો વેપાર કરનાર લેભાગુ બીટી કપાસ બિયારણના વેપારીઓ ઉપર અનેક ગુના નોંધાય છે પરંતુ પ્રવર્તમાન કાયદાઓની જોગવાઇ મુજબ સામાન્ય દંડ ભરીને ગંભીર ગુના આચરનારા લેભાગુ વેપારીઓ છૂટી જાય છે. અને અંતે ખેડૂતો જ આર્થિક નુકસાની ભોગવતો રહ્યો છે, આ બાબતે આપ સાહેબને ખેડૂતોના વિશાળ હિતમાં વિનંતિ છે કે મહારાષ્ટ્ર સરકાર ખેડૂતોને છેતરનારાઓ વિરુદ્ધ ત્રણ કાયદા લાવવા જઈ રહી છે. તે દિશામા ગુજરાતે પણ આગળ આવીને ખડૂતોને નકલી – હલકા અને અનઅધિકૃત બીટી કપાસ કે કોઈપણ એગ્રી ઈનપુટ્સથી આર્થિક નુકસાની અંગે સુરક્ષિત કરી શકાય.**

**✔ નકલી-હલકા અને અનઅધિકૃત ઇનપુટ્સ વેચાણ કરે છે તેના વિરુદ્ધ કાયદાઓમાં ૧૦ વર્ષ કે તેથી વધુ સજા કરવાની જોગવાઈ.**
**✔ અનધિકૃત ઈનપુટ્સથી થયેલ નુકશાનીનું ખેડૂતોને વળતર અપાવવા...**
**✔ આવી લેભાગુ વેપારવૃત્તિને ખતરનાક અસામાજિક પ્રવૃતિમા મૂકવી.**

**ઉક્ત બાબતો મુજબ કાયદામાં કડક જોગવાઈ કરવામાં આવશે તો ખેડૂતોને વર્ષોથી છેતરતી લેભાગુ કૃષિ ઈનપુટસ ઉત્પાદક કંપનીઓ કાબુ આવશે અને ખેડૂતોના આપઘાતના કિસ્સા ઘટશે તેમજ ખેડુતોને ગુણવત્તા સભર એગ્રી ઇનપુટ્સ મળતા થશે અને વળતરની જોગવાઇથી આર્થિક નુકશાની બાબતે ખેડૂતો સુરક્ષિત થશે,જે ગામડા અને કૃષિ અર્થવ્યવસ્થાને મજબૂત કરવામા ખુબ મહત્વનો સાબિત થશે.**
**આભાર**

**મનહર પટેલ**
**પ્રવક્તા, ગુજરાત કોંગ્રેસ**
**E mail : inc.manharpatel@gmail.com**

**મા.પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદી**
**ભારત સરકાર,**
**ન્યુ દિલ્હી.**